# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૪/૦૯/૨૦૨૬ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ–** **સમાચાર યાદી નં.૧૨૮૭/૨૦૨૬**

વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૮૨૫૦૭૯૨/૨૦૨૫ બી.એન.એસ. કલમ ૩૨૬ (જી)૩૨૬ (એફ),૩(૫) મુજબ તથા કેસ નં.૪૨૮૪૭૯/૨૦૨૫ મુજબના ગુનાના કામે આરોપી (૧) આમનખાન સ/ઓ ઉર્ફે રાજા સ/ઓ અસલમખાન અનવરખાન પઠાણ (રહે. દરબારનગર આમેના મસ્જીદની પાસે નવાપુરા વટવા અમદાવાદ શહેર ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રીમતી ડી.આર.ઠાકુર સાહેબ, ૨૯માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ નંબર–૧૯ અમદાવાદ શહેર સમક્ષ તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૨૮૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૧૪૨ લીટર દેશી દારૂ, ૭૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૫૭ બિયર ટીન, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૦,૦૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૧૨૮૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૨૯૦/૨૦૨૬**

**અમરાઈવાડીઃ** અનિલકુમાર નારાયણભાઈ પટેલ (ઉ.વ.૫૯) (રહે. શ્રીનાથપાર્ક સોસાયટી જોગેશ્વરી સોસાયટી સામે જોગેશ્વરી રોડ અમરાઈવાડી) એ તા.૧૩/૦૯/૨૦૨૬ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ મોબાઈલ નંબર ૭૮૭૦૮૪૯૦૯૦ ના ધારકે ફોન કરી અદાણી ગેસનુ બીલ ભરવાનુ બાકી છે તેવુ જણાવી પ્રોસેસ માટે અનિલકુમાર પટેલના મોબાઈલ ફોનમાં એ.પી.કે.ફાઈલ ડાઉનલોડ કરાવી ડેબીટ કાર્ડની માહીતી મેળવી લઈ ઓનલાઈન માધ્યમથી અનિલકુમાર પટેલના બેન્ક ખાતામાંથી રૂપિયા ૧,૪૦,૦૦૦/– અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.પી.ચૌધરી ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૧૨૯૧/૨૦૨૬**

**વટવા જીઆઈડીસીઃ** નિતીનભાઇ રસીકભાઇ સોની (ઉ.વ.૩૮) (રહે. શ્રીફળ એન્કલેવ એસ.પી.રીંગરોડ વિંઝોલ વટવા જીઆઈડીસી) એ તા.૧૩/૦૯/૨૦૨૬ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૯/૨૦૨૬ રાતના ૧૦/૦૦ થી તા.૧૩/૦૯/૨૦૨૬ કલાક ૦૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૬,૬૫,૦૦૦/– તથા ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪૮,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૭,૬૩,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એમ.પરમાર ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૧૨૯૨/૨૦૨૬**

**માધવપુરાઃ** મૌલેશ ભરતભાઇ પરમાર (ઉ.વ.૨૮) (રહે. મારવાડીની ચાલી હલીમની ખડકી દીલ્હી ચકલા) નાઓને તા.૧૨/૦૯/૨૦૨૬ રાતના ૦૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ઉપરના રૂમમાં જવા માટેની લોખંડની સીડી ચઢતા હતા ત્યારે લોખંડની સીડીમાંથી વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મુકેશકુમાર માવાભાઈ ચલાવે છે.

**નારોલઃ** રણજીત લાલબચ્ચન પટેલ (ઉ.વ.૩૨) (રહે. શ્યામનગર જયેશ કંપનીની પાછળ શાહવાડી નારોલ) તા.૧૨/૦૯/૨૦૨૬ સાંજના ૦૭/૧૫ વાગ્યાના સુમારે પીપળજ–પીરાણા રોડ પર આવેલ કાંકરિયા કંપનીમાં વોશીંગ ડીપાર્ટમેન્ટમાં મશીન રિપેર કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને ઇસનપુર રતન હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઉપેન્દ્રસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૧૨૯૩/૨૦૨૬**

**સાબરમતીઃ** ત્રાગડ ગણપતી મંદીરની પાછળ ઉમા ભવાની સામે કાચા છાપરાં ખાતે વિક્રમભાઈ દંતાણી નાઓના સગીર વયના પુત્ર એ અગમ્ય કારણસર તા.૧૩/૦૯/૨૦૨૬ કલાક ૧૦/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતમાં લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઈ મંગળભાઈ ચલાવે છે.

**રામોલઃ** અનુરાગ સ/ઓ ચંદ્રકાંતભાઇ પરમાર (ઉ.વ.૨૪) (રહે. શ્રીનંદ સીટી–૦૬ ન્યુ મણીનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૯/૨૦૨૬ કલાક ૦૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી